# ૨ મે -૨૦૧૬ (સોમવાર)

**(૧) અક્ષર પટેલ : ક્રિકેટર :**

- ગુજરાતના ક્રિકેટર આઇપીએલ- ૨૦૧૬ની સૌપ્રથમ હેટ્રીક ઝડપી.
- પંજાબ વતી રમતા અક્ષર પટેલે આ હેટ્રીક રાજકોટ ખાતે ગુજરાત લાયન્સ વિરૂદ્ધ નોંધાવી હતી.
- આઇપીએલ-૯ની આ પ્રથમ હેટ્રીક હતી અને અત્યારસુધીમાં નોંધાયેલી ૧૪મી હેટ્રીક હતી.
- આઇપીએલની સૌપ્રથમ હેટ્રીક વર્ષ ૨૦૦૮માં એલ. બાલાજીએ નોંધાવી હતી.

**(૨) તીરંદાજી વર્લ્ડકપ :**

- ચીનના શાંઘાઇમાં યોજાઇ રહેલ તીરંદાજી વર્લ્ડકપમાં ભારતીય મહિલા ટીમે સિલ્વર મેડલ મેળવ્યો.
- તેમજ પુરૂષ રિકર્વ વિભાગમાં ભારતીય ટીમે બ્રોન્જ મેડલ મેળવ્યો હતો.
- તથા મિક્સ ટીમમાં પણ ભારતીય ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- ભારતીય મહિલા તીરંદાજ ખેલાડી :
  (૧) દિપિકા કુમારી
  (૨) લક્ષ્મી રાની માંઝી
- ભારતીય પુરૂષ તીરંદાજ ખેલાડી
  (૧) મંગલસિંહ ચાપિયા
  (૨) જયંતા તાલુકદાર
  (૩) અતાનુદાસ

**(૩) પ્રિયંકા ચોપરા - અભિનેત્રી :**

- તાજેતરમાં ભારતીય બોલિવુડ અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ અમેરિકન પ્રમુખ બરાક ઓબામા સાથે વ્હાઇટ હાઉસમા ડિનર લીધું.
- વ્હાઇટ હાઉસ કોરસ્પોન્ડન્ટ્સના વાર્ષિક ડિનર માટે પ્રિયંકા ચોપરાને આમંત્રણ મળ્યું હતું.

**(૪) 'આઇએનએસ કાલ્વારી' સબમરિન :**

- સ્વદેશી સબમરિન 'આઇએનએસ કાલ્વારી' સમુદ્રમંથન માટે તૈયાર અને આગામી સપ્ટેમ્બર માસ સુધીમાં નૌકાદળમાં સામેલ થશે.
- નૌકાદળે મુંબઇના દરિયામાં સબમરિનને સી ટ્રાયલ માટે મુકી હતી.
- સી ટ્રાયલએ નૌકાદળમાં સામેલ કરાતા પહેલાની છેલ્લી કસોટી છે.
- સ્કોર્પિયન ક્લાસ સબમરિન પ્રોજેક્ટ હેઠળ ભારત કુલ ૬ સબમરિન બનાવી રહ્યું છે.
- આ પ્રોજેક્ટને 'પ્રોજેક્ટ ૭૫' નામ આપવામાં આવ્યું છે.
- પ્રોજેક્ટ હેઠળ કુલ ૬ સબમરિન ૨૦૨૦ સુધીમાં નૌકાદળમાં સામેલ કરવાની છે એ માટે સરકારે ૨૦ અબજ રૂપિયા કરતાં વધુનું બજેટ ફાળવ્યું છે.
- આ સબમરિનો સ્ટેલ્થ પ્રકારની છે. (છેવટ સુધી દુશ્મનના રડારમાં દેખાય નહીં અને ગુપ્ત રહી શકે એવા શસ્ત્રો માટે (સ્ટેલ્થ શબ્દ વપરાય છે.)
- આઇએનએસ કાલ્વારી' ની વિશિષ્ટતાઓ :
  લંબાઇ - ૬૭ મીટર
  પહોળાઇ - ૬.૩ મીટર
  વજન - ૧૫૫૦ ટન
  શસ્ત્રો : ટોપીડો, એન્ટિ શિપ મિસાઇલ

**પ્રશ્નો :**

(૧) આઇપીએલ-૨૦૧૬માં કયાં ખેલાડીએ હેટ્રીક નોંધાવી ?
- અક્ષર પટેલ

(૨) અક્ષર પટેલ ક્યાં સ્ટેડીયમમાં હેટ્રીક નોંધાવી ?
- ખંઢેરી સ્ટેડીયમ, રાજકોટ

(૩) કઇ ટીમ વિરૂદ્ધ અક્ષર પટેલે હેટ્રીક નોંધાવી ?
- ગુજરાત લાયન્સ

(૪) ઓલ રાઉન્ડર અક્ષર પટેલ આઇપીએલ-૯માં કઈ ટીમ વતી રમે છે ?
- કિંગ્સ ઇલેવન પંજાબ

(૫) લક્ષ્મીરાની માંઝી કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- તીરંદાજ

(૬) અતાનુદાસ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- તીરંદાજ

(૭) તાજેતરમાં ચીનના શાંઘાઇમાં યોજાયેલ તીરંદાજ વર્લ્ડકપમાં ભારતીય મહિલા ટીમે કયો મેડલ જીત્યો ?
- સિલ્વર મેડલ

(૮) તીરંદાજ વર્લ્ડકપમાં ભારતીય પુરૂષ ટીમે કયો મેડલ મેળવ્યો ?
- પ્રિયંકા ચોપરા

(૯) તાજેતરમાં કઇ ભારતીય અભિનેત્રીએ અમેરિકન પ્રમુખ સાથે વ્હાઇટ હાઉસમાં મુલાકાત લીધી ?
- પ્રિયંકા ચોપરા

(૧૦) 'આઇએનએસ કાલ્વારી' શું છે ?
- સ્વદેશી સબમરિન

(૧૧)'પ્રોજેક્ટ ૭૫' હેઠળ ૨૦૨૦ સુધીમાં કુલ કેટલી સબમરિન બનાવવામાં આવશે ?
- ૬

(૧૨)'આઇએનએસ કાલ્વારી' નું વજન કેટલું છે ?
- ૧૫૫૦ ટન